# 'કૌટિલ્ય' મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી










## એક માત્ર સંસ્થા જ્યાં તમને નામાપદ્ધતિના ભવ્ય ઈતિહાસની ઓળખ થશે.



## ગુજરાત યુનિવર્સિટી વિષે :

ગુજરાત યુનિવર્સિટી કલ્પના વીસના દશકમાં ગાંધીજી, સરદાર પટેલ, આચાર્ય આનંદ શંકરધ્રુવ, દાદા સાહેબ ગણેશ માવલંકર, કસ્તુરભાઇ લાલભાઇ અને આવા ઘણા દિગ્વજ, વિદ્વાન અને પરોપકારી લોકોએ કરી હતી. જો કે, આઝાદીની સિદ્ધિ પછી ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ અંતર્ગત અસ્તિત્વમાં આવી હતી. 1949 માં યુનિવર્સિટીને રાજ્ય સરકારના ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ અંતર્ગત 'શિક્ષણ અને સંલગ્ન યુનિવર્સિટી તરીકે સામેલ કરવામાં આવી હતી.'

ગુજરાત યુનિવર્સિટી છેલ્લા દાયકામાં અસાધારણ વિકાસ કર્યો છે જે આજે દેશની અગ્રણી યુનિવર્સિટી તરીકે ઓળખાય છે. તે લગભગ બે લાખ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક વિદ્યાશાખાઓમાં શિક્ષણ પ્રદાન કરે છે.

ગુજરાત યુનિવર્સિટીને GSIRF દ્વારા તેની શૈક્ષણિક અને સંશોધન શ્રેષ્ઠતા માટે ફાઇવ સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે અને ARIIA રેન્કિંગ મુજબ 9 મો ક્રમાંક આપવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સ્તરે, ગુજરાત યુનિવર્સિટીએ NIRF રેન્કિંગ 2022 માં 'ઓવરઓલ' કેટેગરીમાં 73 મો ક્રમાંક મેળવ્યો હતો જ્યારે તેણે 'યુનિવર્સિટી' કેટેગરીમાં 58 મો ક્રમ મેળવ્યો હતો. તે ગુજરાતની એકમાત્ર રાજ્ય યુનિવર્સિટી છે જે સતત ત્રણ વર્ષથી ભારતની ટોચની 100 યુનિવર્સિટીઓની યાદીમાં સ્થાન ધરાવે છે.

યુનિવર્સિટી પાસે ચાર કેન્દ્રિય ભંડોળવાળા સ્ટાર્ટઅપ અને ઇનોવેશન, ઇન્ક્યુબેટર્સ, ઉદ્યોગ શૈક્ષણિક સહયોગ માટે સંશોધન પાર્ક, પાંચ સેન્ટર ઓફ એક્સેલન્સ, ઓલમ્પિકના ધોરણો ધરાવતું સ્પોર્ટ્સ સીટી અને કેમ્પસમાં અત્યાધુનિક કાર્યક્રમોનું આયોજન થાય છે.



## સ્કૂલ ઓફ કોમર્સ વિષે :

સ્કૂલની સ્થાપના જૂન 1976 માં કરવામાં આવી હતી અને તે અનુસ્નાતક, સંશોધન અને વ્યાવસાયિક કાર્યક્રમો પ્રદાન કરે છે.

### વિઝન :

વિદ્યાર્થીઓને વાણિજ્ય ક્ષેત્રે સક્ષમ વ્યવસાયિકો અને અનુકરણીય શિક્ષણવિદો બનવા પ્રોત્સાહિત કરવાનું છે જે આમૂલ સામાજિક પરિવર્તન લાવી શકે છે.

### મિશન :

૧. બદલાતી દુનિયાની પડકારોને ઝીલવા માટે વિદ્યાર્થીઓમાં યોગ્યતા કેળવવી.

૨. માનવીય મૂલ્યો અને પરોપકારી વલણને પ્રોત્સાહન આપવું.

૩. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવું.

સ્કૂલમાં એમ.કોમ. પ્રોગ્રામ (ગ્રાન્ટ ઇન એઇડ) કે જેમાં ચાર વિષય - એકાઉન્ટિંગ, મેનેજમેન્ટ, એપ્લાઇડ સ્ટેટિસ્ટિક્સ અને ફાઇનાન્સ, અને ઇન્ટરનેશનલ બિઝનેસ અને બેન્કિંગમાં સ્પેશીયાલાઇઝેશન સાથે બપોરના સમયે ચલાવવામાં આવે છે. પ્રવેશ પ્રક્રિયા મેરીટના ધોરણે કરવામાં આવે છે અને સ્કૂલ માસ્ટર અને સંશોધન કાર્યક્રમોમાં વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશમાં ધીમે ધીમે વધારો જોવા મળ્યો છે. આ સ્કૂલ 1995માં હાયર પેમેન્ટ મોડમાં ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્શિયલ એનાલીસીસ વિષયમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા શરૂ કરવામાં અગ્રણી હતી, ત્યારબાદ 2005 માં ફાયનાન્શિયલ માર્કેટ્સ એન્ડ ઇન્શ્યોરન્સમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા શરૂ કરવામાં આવેલ છે. વર્ષ 2017 માં સ્કૂલમાં ત્રણ નવા વિભાગો (એકાઉન્ટન્સી વિભાગ, ફાયનાન્સ એન્ડ ફાયનાન્શિયલ સર્વિસીસ વિભાગ અને એડવાન્સ બિઝનેસ, સ્ટડીઝ વિભાગ) શરૂ કરવામાં આવેલ છે.

વિઝન અને મિશન સ્ટેટમેન્ટ અનુસાર, બે પ્રમાણપત્ર અભ્યાસક્રમો - એક ICAI ની WIRC ની અમદાવાદ શાખા સાથે ટેકનિલ સહયોગમાં GST પર અને બીજો M.Com ના વિદ્યાર્થીઓને હાર્ટફુલનેસ ઇન્સ્ટિટ્યુટના સહયોગની વિનામૂલ્યે જીવન કૈશલ્ય અને મૂલ્ય આધારિત શિક્ષણ પર જુલાઇ 1, 2019 થી ઓફર કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓની સોફ્ટ સ્કિલ્સને વધુ સારી બનાવવા માટે, સંસ્થાએ સોફ્ટ સ્કિલ વર્કશોપ '' FLY સ્કોલર પ્રોગ્રામ'' યોજવા માટે સ્પર્ધાત્મકતા માઇન્ડસેટ સંસ્થા સાથે સમજૂતીના મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા છે. સંસ્થામાં એક અદ્યતન ''કૌટિલ્ય'' મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી છે, જે ભારતમાં આ પ્રકારનું સૌથી પહેલું મ્યુઝિયમ છે.

# ‘કૌટિલ્ય’ મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી વિષે :

એકાઉન્ટન્સીનું મ્યુઝિયમ ભારતમાં આ પ્રકારનું સૌથી પહેલું મ્યુઝિયમ છે અને સ્કૂલ ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલ એકાઉન્ટન્સી વિષય પર એક મહાન કાર્ય છે. ‘કૌટિલ્ય’ મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી સ્થાપવાના મુખ્ય ઉદ્દેશ્ય :

૧. એકાઉન્ટીગ વિષયમાં આવતા બદલાવ સાથે તાલ મિલાવવા માટે જરૂરી ફેરફારો કરવા અને તેના કલાત્મક ઇતિહાસને જાળવવો.

૨. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એકાઉન્ટિંગ, એકાઉન્ટન્સી અને ઓડિટીંગના વિકાસમાં ફાળો આપનાર વિદ્વાન વ્યકિતઓ વિશે જાણવાની તક પુરી પાડવી.

૩. શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ અને એકાઉન્ટિંગ વિષય વિશે જાણવાની જિજ્ઞાસા ધરાવતા વિદ્યાર્થીઓમાં વ્યવસાય વિશે જાગૃતિ ફેલાવવી.

૪. એકાઉન્ટન્સી વ્યવસાયના લાંબા ગાળાના વિઝન અને બદલાતી ટેકનોલોજી દ્વારા ઉભી થતી તકો અને પડકારોની માહિતી આપવામાં મદદ કરવી.

મ્યુઝિયમ તમને એકાઉન્ટિંગના પ્રાદુર્ભાવ, મુખ્ય કાર્યો અને પ્રદર્શન, પ્રતિનિધિત્વ માટે ઉપયોગમાં લેવાતી કલાકૃતિઓ અને અલબત એકાઉન્ટિંગ પરિભાષાઓ સાથે ઓડિટિંગ અને એકાઉન્ટન્સી વ્યાવસાયના કાળક્રમિક ઉદય અને વૃદ્ધિ વિશે તમને માહિતગાર કરશે અને પ્રબુદ્ધ કરશે... અને ઘણી બધી અન્ય વસ્તુઓ જે તમને આશ્ચર્યચકિત કરશે... અને તમને સંગ્રહાલય મોહિત અને આકર્ષિત કરશે.












# ‘કૌટિલ્ય’ મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી
# ‘કલાકૃતિઓ’

| પ્રદર્શનો | પ્રાચીન વસ્તુઓ |
|---|---|
| એકાઉન્ટન્સીની ઉત્ક્રાંતિ | લેખન અને ગણતરીના પ્રચીન સાધનો : માટીના પ્રતીકો, માટીનું ટેબલેટ, માટીનું પરબીડિયું, કયુપું, એબેકસ, કેલેમસ, પેન, ખડિયો, કેલક્યુલેટર, ટાપરાઈટર, કોમ્પ્યુટર |
| ઓડિટની ઉત્ક્રાંતિ | અપભ્રંષ ભાષા |
| એકાઉન્ટન્સીના વિધ્વાનો | ચલણની ઉત્ક્રાંતિ – દુર્લભ સિક્કાઓ |
| એકાઉન્ટન્સીના પ્રાચીન પુસ્તકો | વિદેશનું ચલણ અને સિક્કા |
| ચાણક્ય | સ્ટેમ્પ |
| એકાઉન્ટીંગનું સમીકરણ અને એકાઉન્ટીંગની પરિભાષા | મુનીમનું ટેબલ |
| એકાઉન્ટીંગની શાખાઓની ઉત્ક્રાંતિ | એકાઉન્ટન્સી ગ્લોબ |
| એકાઉન્ટન્સી ના વ્યવસાયની ઉત્ક્રાંતિ | ટ્રાવેલર્સ ચેક, પ્રોમિસરી નોટ્સ, વાઉચર |
| એકાઉન્ટન્સીના વ્યવસાયમાં નિયમનકારી સંસ્થાઓ | ૧૦૦ વર્ષ પહેલાનું પાકું સરવૈયું અને નાણાકીય પત્રકો |
| ડુ-પોન્ટ કંપની અને ડોનાલ્સન : સંચાલકીય નિયંત્રણ સીસ્ટમના વિકાસના સંશોધક | દેશીનામાં પધ્ધતિ પર પહેલું ગુજરાતી પુસ્તક |
| એકાઉન્ટન્સીની વિસ્તૃત ગાથાનું એકત્રીકરણ | રેકોર્ડીંગ માટેના ઉપકરણો : બહિખાતા, કેસેટ, સી.ડી., ડી.વી.ડી., પેનડ્રાઈવ, હાર્ડડિસ્ક, રેકોર્ડર્સ |
| વૈશ્વિક એકાઉન્ટન્સીની સંસ્થાઓ | માહિતી સંચાર માટેના સાધનો : ટેલિફોન |
| એકાઉન્ટીંગના સેમીનલ પ્રીમિયર જર્નલસ | ૧૦૦ વર્ષ જૂનો રેડિયો |
| એકાઉન્ટીંગ સિધ્ધાંતોનું માળખું | કેમેરા |
| ભૂતપૂર્વ હિસાબનીશોની છબીઓ | એકાઉન્ટન્સીના પ્રાચીન પુસ્તકો, દુર્લભ પુસ્તકો, સેમીનલ જર્નલસ, રિસર્ચ પેપર |
| | એકાઉન્ટીંગના ધોરણો, આંતરરાષ્ટ્રીય નાણાકીય અહેવાલોના ધોરણો અને ભારતીય એકાઉન્ટીંગના ધોરણો વચ્ચેની સરખામણી |
| | કંપની ધારો ૧૯૫૬ અને કંપની ધારો ૨૦૧૩ વચ્ચેની સરખામણી |




















# Frequently Asked Questions

૧. **Museum** કઇ જગ્યાએ આવેલું છે.

જવાબઃ સ્કૂલ ઓફ કોમર્સ, સ્વામી વિવેકાનંદ શિક્ષણ સંકુલ, ગુજરાત યુનીવર્સિટી, અમદાવાદ.

૨. **Museum** બનાવવાની શરૂઆત કેવી રીતે થઇ.

જવાબઃ કોમર્સ એક વિશાળ ફિલ્ડ છે. મને એવો વિચાર આવ્યો કે વિદ્યાર્થીઓની સમક્ષ એવી માહિતી રજું કરું કે જે ચોપડીઓમાં ભણતાં નથી. સંસોધન કરતાં મને જાણવાનું મળ્યું કે હિસાબી પદ્ધતિનું ચલન આદિકાળથી હતું જ. દસ હજાર વર્ષો પૂર્વે જ્યારે લેખન અને ગણતરીની કુશળતા શોધી તે પહેલા પણ હિસાબી પદ્ધતિ હતી.

૩. **Museum** ની મુલાકાત કેમ લેવી જોઇએ.

જવાબઃ

- શું તમને એકાઉન્ટીંગના ઇતિહાસની તમામ બાબતો વિષે જાણકારી છે?
- શું તમને એકાઉન્ટીંગમાં કૌટિલ્ય (જે ચાણક્યનાં નામથી પણ ઓળખાય છે) ના ફાળા વિશે જાણકારી છે?
- શું તમે આદિકાળથી વપરાશમાં હોય તેવા એકાઉન્ટીંગના સાધનો વિષે જાણો છો?
- શું તમે જાણો છો કે એકાઉન્ટીંગના ભવ્ય ભૂતકાળના અવશેષો સાંપ્રત સમયમાં કેવી રીતે લાગુ પડે છે?
- હાલની તકનીકી પ્રગતિઓના કારણે એકાઉન્ટન્ટની ભૂમિકામાં શું ફેરફાર થયા છે? જ્યારે તમે **Museum** ની મુલાકાત લેશો ત્યારે તમને ઉપરના પ્રશ્નોનો જવાબ મળશે.

૪. **Museum** ને કૌટિલ્ય નામ કેમ આપવામાં આવ્યું?

જવાબઃ જ્યારે સામાન્ય જ્ઞાન એ છે કે કૌટિલ્ય એ 'અર્થશાસ્ત્ર' અને 'રાજનીતિશાસ્ત્ર' માં ઘણું યોગદાન આપ્યું છે, તો ચાલો હું બહુ જ ઓછી જાણીતી અને અસ્પષ્ટ હકીકત જણાવું છુ કે હિસાબી પદ્ધતિમાં ચાણક્યનો મોટો ફાળો છે જે આ સંગ્રહાલયના નામકરણની ઉત્પતિ ને સર્થક કરે છે, યુરોપિયનો ઋણ નંબરો ને સમજે તે પહેલા તેમણે સહસ્ત્રાબ્દીમાં દેવાને એક પ્રકારની નકારાત્મક સંપતિ તરીકે દર્શાવ્યા હતાં. તેમને અંજલી તરીકે આ સંગ્રહાલયનું નામ ''કૌટિલ્ય મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી'' રાખ્યું છે.

૫. શું **Museum** માં એકાઉન્ટને લગતી જૂની વસ્તુઓનું સંગ્રહ કરવામાં આવેલ છે?

જવાબઃ હા

૬. **Museum** માં **audio** અને **video** ની સગવડ છે?

જવાબઃ હા

૭. **Museum** માં એકાઉન્ટ વિષયને લગતા પુસ્તકોનો સંગ્રહ કરેલ છે?

જવાબઃ હા

૮. **Museum** ક્યારે ખૂલે છે અને ક્યારે બંધ થાય છે?

જવાબઃ સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી

૯. **Museum** અઠવાડિયામાં કેટલા દિવસ ખુલ્લુ રહે છે?

જવાબઃ સોમવાર થી શુક્રવાર (૫ દિવસ)

૧૦. **Museum** ની મુલાકાત દરમિયાન શું નિષ્ણાંતો દ્વારા દરેક વસ્તુની જાણકારી કે સમજ આપવામાં આવશે?

જવાબઃ હા અને સાથે સાથે ટેકનોલોજીની મદદથી **QR Code** દ્વારા સમજ આપવામાં આવશે.

૧૧. આખું **Museum** જોવા માટે કેટલો સમય લાગશે?

જવાબઃ ૧ કલાક

૧૨. એક જ સમયે કેટલા વ્યકિત એક સાથે **Museum** ની મુલાકાત લઇ શકશે?

જવાબઃ ૨૦ વ્યકિત

૧૩. કયા વિષયના વ્યકિતએ **Museum** ની મુલાકાત લેવી જોઇએ?

જવાબઃ કોઇ પણ વિષયના વ્યકિતએ **Museum** ની મુલાકાત લઇ શકે છે.

'કૌટિલ્ય' મ્યુઝિયમ ઓફ એકાન્ટસી
કોપીરાઇટ© 2022 ભારતી પાઠક

**'કૌટિલ્ય મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી'**ના બધા જ હકો ક્યુરેટર પાસે છે. ક્યુરેટરની લેખિતમાં પૂર્વ પરવાનગી વિના આ મ્યુઝિયમના કોઇપણ ભાગને કોઇપણ સ્વરૂપમાં અથવા કોઇપણ માધ્યમથી પુનઃઉત્પાદિત અથવા પ્રકાશિત કરી શકાશે નહી. **'કૌટિલ્ય મ્યુઝિયમ ઓફ એકાઉન્ટન્સી'** કે તેના ક્યુરેટરની આ મ્યુઝિયમની સામગ્રીને પરવાનગી વિના ઉપયોગમાં લેવાના પરિણામ સ્વરૂપે કોઇ પણ વ્યકિત અથવા સંસ્થા પર કાયદાકીય પગલાં લેવાથી ઉદ્ભવતા નુકશાન અંગે જવાબદારી રહેશે નહિ.